ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-
વિતરણ/પોલિસી/ ૦૧
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા-૨૩.૦૧.૨૦૨૬

// પરિપત્ર //

વિષય: બિનઅધિકૃત મોબાઈલ ટાવર નિયમિત કરવા અંગેની સમયબંધી નીતિ.

સંદર્ભ: ૧.નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ પોસ્ટ-વિતરણ/ સીઆઇઆર/ પોલીસી/ મોબાઈલ ટાવર/ ૩૬, તા.૩૦/૦૯/૨૦૨૧.

૨. નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-વિતરણ/પોલીસી/૦૮, તા.૧૧/૦૮/૨૦૨૩.

૩. નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી/એએલ્ટી/પોસ્ટ-વિતરણ/પોલીસી/૦૧, તા.૧૦/૦૧/૨૦૨૫.

નિગમની જુદી-જુદી ઔધોગિક વસાહતોમાં ઉધોગકારો તરફથી ટેલીકોમ ઓપરેટર કંપની સાથે મોબાઈલ ટાવરનાં સ્થાપના હેતુ કરાર કરવામાં આવે છે, જે અંગે નિગમની મંજુરી મેળવવી જરૂરી હોવા અંગેની જોગવાઈ સાથે નિગમની ૫૧૩ મી સભામાં પસાર થયેલ ઠરાવ અન્વયે તા.૩૦/૦૯/૨૦૨૧ થી સર્વગ્રાહી નીતિ અમલમાં મુકવામાં આવેલ હતી. નિગમની વિવિધ વસાહતોમાં ફાળવેલ પ્લોટ પર નિગમની પૂર્વ મંજુરી વિના સ્થાપવામાં આવેલ બિનઅધિકૃત મોબાઇલ ટાવર નિયમિત કરવા બાબતની અરજી કરવાની ૬૦ દિવસની સમયમર્યાદા નિયત કરવામાં આવેલ હતી, જે નીતિની સમયમર્યાદામાં નિગમની મંજુરી મેળવેલ ન હોઇ તેમજ વિવિધ ટેલીકોમ ઓપરેટર કંપનીઓ તરફથી મળેલ રજૂઆત અન્વયે બિનઅધિકૃત મોબાઇલ ટાવર નિયમિત કરવા તા.૧૧/૦૮/૨૦૨૩ તથા તા.૧૦/૦૧/૨૦૨૫ના પરિપત્રથી સમયબંધી નીતિ જારી કરવામાં આવેલ હતી. આ નીતિની સમયમર્યાદા તા.૧૫/૦૪/૨૦૨૫ સુધીની હતી.

નિગમ દ્વારા જારી કરવામાં આવેલ ઉપરોક્ત સમયબંધી નીતિ સંદર્ભે ટેલીકોમ ઓપરેટર કંપનીઓ દ્વારા મોબાઇલ ટાવર નિયમિત કરવા અંગે પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા રજુઆત કરવામાં આવેલ જે પરત્વે નિગમની ઔદ્યોગિક વસાહતોમાં ફાળવેલ પ્લોટમાં સ્થિત બિનઅધિકૃત મોબાઇલ ટાવર નિયમિત કરવા અંગેની નીતિની જોગવાઇઓમાં જરુરી સુધારા તેમજ નવી સમયબંધી નીતિ જારી કરવા માટે નિગમની ૫૨૪મી સભા દ્વારા ઠરાવ ક્રમાંક:૧૧૫/પોસ્ટ-વિતરણ/૫૨૪, તા.૨૯/૧૨/૨૦૨૫ થી ઠરાવ પસાર કરેલ છે, જે અન્વયે સંદર્ભિત હયાત નીતિની અન્ય શરતો યથાવત રાખી નીચે મુજબનો સુધારો કરી બિનઅધિકૃત મોબાઈલ ટાવર નિયમિત કરવા અંગેની સમયબંધી નીતિ અમલમાં મુકવામાં આવે છે.

૧) સદર નીતિ હેઠળ બિનઅધિકૃત મોબાઈલ ટાવર નિયમિત કરવા અંગેની ફાળવણીદાર દ્વારા ઓનલાઇન અરજી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધીમાં કરવાની રહેશે.

૨) બે ટાવર વચ્ચેનું ઓછામાં ઓછુ અંતર ૫૦ મીટર હોવુ જોઇએ તે જોગવાઇ ધ્યાને લેવાની રહેશે નહી.

૩) ફાળવવામાં આવેલ પ્લોટ ઉપરનું બિનઅધિકૃત બાંધકામ નિયમિત/મંજુર કરાવી લેવાની તમામ જવાબદારી ફાળવણીદારની રહેશે તેમજ બાંધકામ બાબતે ભવિષ્યમાં કોઇ જવાબદારી ઉપસ્થિત થશે તો તમામ જવાબદારી ફાળવણીદારની રહેશે તેમજ નિગમની કોઇ જવાબદારી રહેશે નહી તે બાબતેનું નોટરાઇઝ બાંહેધરીખત મેળવીને બિનઅધિકૃત મોબાઈલ ટાવર નિયમિત કરી શકાશે. પરંતુ રાસાયણિક ઉદ્યોગ (ઇમ્પેક્ટ હેઠળ બાંધકામ મંજુર કરી શકાતું નથી તેવા કિસ્સામાં) ધરાવતા પ્લોટ ઉપર અનધિકૃત બાંધકામ હોય તો મોબાઇલ ટાવર કોઇપણ સંજોગોમાં નિયમિત કરી શકાશે નહી. ફાળવણીદાર દ્વારા દબાણ કરવામાં આવેલ હોય તો તે દુર કરાવ્યા બાદ કાર્યવાહી કરવાની રહેશે.

૪) ફાયર સેફ્ટી NOC તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ સબંધિત વિભાગો પાસેથી લાગુ પડતી તમામ પ્રકારની મંજુરી મેળવવાની જવાબદારી ફાળવણીદાર અને ટેલીકોમ ટાવર કંપનીની રહેશે તે મુજબનું ફાળવણીદાર અને ટેલીકોમ ટાવર કંપની બન્ને પાસેથી નોટરાઇઝ કરેલ બાંહેધરીખત મેળવવાનું રહેશે.

૫) પરિપત્ર તા.૩૦/૦૯/૨૦૨૧ અને તા.૧૧/૦૮/૨૦૨૩ની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૬) ફાળવણીદાર દ્વારા રજુ કરવાના થતા ઉપરોક્ત તમામ બાંહેધરીખત અલગ-અલગ ન મેળવતા સંયુક્ત રીતે મેળવી લેવાના રહેશે.

નિગમના તમામ સબંધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ એ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો. સદર નીતિ જારી થયા પહેલાં જે નિર્ણય થયેલ હોય તેવા કિસ્સાઓને પુન: ઉખેડવાના રહેશે નહી તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (વિતરણ)ને પાઠવવી.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના</u> :

૧. જનરલ મેનેજરશ્રી ગ્રેડ-૧ (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ...... તરફ નિગમની વેબસાઇટ પર મૂકવા સારું તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.

૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

રવાના કર્યું,

જનરલ મેનેજર ગ્રેડ-૧ (મહેકમ)